આકાશવાણી ભુજ

સમાચાર વાચક : નેહલ ઠક્કર

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **02-08-2024**　　　　　સમય : સાંજે **6.25** વાગ્યે

---------------------------------------------------

## <u>કેદારનાથ-યાત્રિકોનું રેસ્કયુ</u>

કેદારનાથમાં વરસાદ અને ભૂસ્ખલનમાં ફસાયેલા ગુજરાતના 17 યાત્રિકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર મારફતે ઉત્તરાખંડ એસ.ઈ.ઓ.સી. નો સંપર્ક સાધી તાત્કાલીક બચાવ વ્યવસ્થા કરાવી હતી..

કેદારનાથ ધામની યાત્રાએ ગયેલા અરવલ્લી જિલ્લાના 17 જેટલા ગુજરાતી યાત્રિકો ઉત્તરાખંડમાં મોટી લિન્ચોલી નજીક વરસાદ અને ભૂસ્ખલનને કારણે ફસાઈ ગયા હતાં. વાતાવરણ અનુકૂળ થતાં જ રાજ્યના આ બધા જ યાત્રિકોને હેલિકોપ્ટર દ્વારા એરલિફ્ટ કરીને ગણતરીના કલાકોમાં જ સુરક્ષિત સ્થળે પહોંચાડી દેવામાં આવ્યા છે.

**RNU** અમદાવાદ

---------------------------------------------------

## <u>રાજ્ય : ચોમાસું</u>

રાજ્યમાં ચોમાસુ બરાબરનું જામ્યું છે.. આજે સવારે છ વાગે પૂરા થતાં ચોવીસ કલાકમાં 129 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે.

રાજ્યમાં વરસાદી માહોલમાં જળાશયોમાં પાણીની નોંધપાત્ર આવક થઇ રહી છે.. જેથી રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૫૩ ટકા જળ સંગ્રહ થયો છે. સરદાર સરોવર ડેમમાં ૫૬ ટકા જળ સંગ્રહ છે.. ગુજરાતભરના ૪૮ જળાશયો ૧૦૦ ટકા, 30 જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા ભરાઇ ગયા છે.. જ્યારે ૫૬ ડેમ હાઈ એલર્ટ પર,૧૨ ડેમ એલર્ટ પર અને ૧૦ ડેમ પર ચેતવણી આપવામાં આવી છે. જ્યારે રાજ્યમાં અત્યાર સુધીમાં ખરિફ પાકનું કુલ વાવેતર 81 ટકા કરતાં વધુ થઇ ગયું છે..

હવામાન વિભાગે આજના દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગાજવીજ સાથે ઘણા વિસ્તારમાં વરસાદની આગાહી કરી છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## રાજ્ય-પશુધન ગણતરી

રાજ્ય સહિત દેશભરમાં આગામી સપ્ટેમ્બર મહિનાથી પશુધન વસ્તી ગણતરી યોજાશે.. ડિસેમ્બર સુધી થનારી આ પશુઓની વસ્તી ગણતરીમાં પ્રથમવાર વિચરતા પશુઓનો પણ સમાવેશ કરાયો છે.. રાજ્યની ૨૮ સહિત દેશભરની આશરે ૨૧૯ જેટલી પશુ જાતોની ગણતરી કરવામાં આવશે. પ્રથમવાર મોબાઈલ એપના ઉપયોગ સાથે

એક લાખથી વધુ કર્મચારીઓ વસ્તી ગણતરીમાં ડેટા એકત્ર કરવાના કામમાં જોડાશે.

ઉલ્લેખનીય છે કે, પશુધન વસ્તી ગણતરી કરતો ભારત વિશ્વનો એકમાત્ર દેશ છે... વર્ષ ૨૦૧૯ની પશુધન વસ્તી ગણતરીમાં રાજ્યમાં ૨૬૮ લાખ પશુધન હતું..

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## શિક્ષણ વિભાગ-જ્ઞાન સહાયક કરાર મુદત

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા જ્ઞાન સહાયકોનાં કરારની મુદત પૂર્ણ થતાં શિક્ષણ વિભાગ દ્વારા તેમનાં કરાર રિન્યુ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જ્ઞાન સહાયક જે જગ્યા પર ફરજ બજાવતા હોય ત્યાં શિક્ષકોની જગ્યા ખાલી હોય તે સંજોગોમાં જ્ઞાન સહાયકોના કરાર રીન્યુ કરવાના રહેશે. જો કે શિક્ષકની જગ્યા ભરાઈ ગઈ હોય તે સ્થિતિમાં જ્ઞાન સહાયકને છુટા કરવાના રહેશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## ભુજ-મહિલા સુરક્ષા દિવસ

રાજ્યભરમાં “નારી વંદન સપ્તાહ”ની ઉજવણીનો થઇ રહી છે.. આઠમી ઓગસ્ટ સુધી ચાલનારા આ સપ્તાહ દરમિયાન તમામ

જિલ્લાઓમાં સ્વરોજગાર મેળા, મહિલા સન્માન સમારોહ, કાયદાકીય જાગૃતિ જેવા વિવિધ સેમિનાર યોજાઇ રહ્યા છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજયની મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સંપન્ન તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે ગુજરાત સરકાર દ્વારા વિવિધ આયોજન હાથ ધરવામાં આવી રહ્યા છે. જેમાં સર્વાંગી વિકાસના મહત્વના પરિબળો જેવા કે સુરક્ષા, સ્વાવલંબન, કલ્યાણ અને સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રોમાં મહિલાઓ સક્ષમ થાય તે હેતુસર મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા. ૦૧ થી ૦૮ ઓગષ્ટ દરમિયાન “નારી વંદન” સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.

જે અંતર્ગત ૧ લી ઓગસ્ટે જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી અને જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી તથા ઇન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલના સંયુક્ત ઉપક્રમે મહિલા સુરક્ષા રેલી"નું આયોજન કરવામાં આવેલ હતું. આ રેલીમાં બહોળી સંખ્યામાં દીકરીઓએ ભાગ લીધો હતો. આ રેલીનું પ્રસ્થાન ઇન્દ્રાબાઈ ગર્લ્સ હાઇસ્કૂલની રમત અને શિક્ષણ ક્ષેત્રે સિધ્ધી પ્રાપ્ત કરેલી દીકરીઓના હસ્તે કરવામાં આવ્યું હતું. અને રેલીનું સમાપન હાઈસ્કૂલ ખાતે કરવામાં આવ્યું હતું.

તદ્ઉપરાંત કચ્છ યુનિવર્સીટી ખાતે “ઘરેલુ હિંસા અધિનયમ-૨૦૦૫” અંગે જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં

ઘરેલુ હિંસા કાયદા અંગે સમજ, મહિલા અને બાળવિકાસ વિભાગની યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી.

માહિતી ખાતુ

-----------------------------------------------------------------------

## ગાંધીધામ- મહિલા સુરક્ષા દિવસ

ગાંધીધામની શાળા ખાતે નારી વંદન સપ્તાહ ઉજવણી અંતર્ગત મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરાઈ હતી. ગુજરાત એજ્યુકેશન સોસાયટી સંચાલિત એમ.પી. પટેલ કન્યા વિદ્યાલય ખાતે મહિલા સુરક્ષા સેતુ અંતર્ગત સી- ટીમની બહેનો અને ભાઈઓ દ્વારા મહિલા સુરક્ષા અંગેની વિશેષ માહિતી આપવામાં આવી હતી. મહિલા સુરક્ષાને લઈને ગૂડ ટચ-બેડ ટચ, સાયબર ક્રાઇમ, જાતીય સતામણી અને અસામાજિક તત્ત્વો દ્વારા આપવામાં આવતા ત્રાસ અંગે વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.  પોલીસ વિભાગ તરફથી વિદ્યાર્થિઓનીઓને વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થિનીઓ પોલીસ વિભાગમાં જોડાઈ એ માટે પણ વિશેષ માર્ગદર્શન અપાયું હતું.

**N.P.** નેહલ ઠક્કર

-----------------------------------------------------------------------

## બાળ-પ્રતિભા સ્પર્ધા શોધ

જિલ્લા કક્ષા બાળ પ્રતિભાશોધ સ્પર્ધા-2024 અ-વિભાગ, ૭થી ૧૦ વર્ષ અને બ-વિભાગ, ૧૧થી ૧૩ વર્ષની કૃતિમાં-વક્તૃત્વ, નિબંધ, સર્જનાત્મક કારીગીરી, લગ્નગીત, લોકવાદ્ય સંગીત, એકપાત્રીય અભિનય) (ખુલ્લો વિભાગ, ૭થી ૧૩ વર્ષની કૃતિ-દોહાઃછંદઃચોપાઈ, લોકવાર્તા, લોકગીત, ભજન, સમૂહગીત, લોકનૃત્ય) અને જિલ્લાકક્ષા બાળ નાટક નૃત્ય નાટિકા (૭થી ૧૩ વર્ષ, બાળ નાટક, નૃત્ય નાટિકા) સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ સ્પર્ધાની એન્ટ્રી તા.12/8 સુધીમાં કચેરી સમયે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, બહુમાળી ભવન, ભુજ ખાતે મોકલવાની રહેશે.

માહિતી ખાતુ

---